# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો પાંચમો કેસ

## કોરોના સંક્રમિત ૩ દર્દી હજુ અમદાવાદમાં સારવાર હેઠળ : બે દર્દી સાજા થતાં રજા અપાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામમાં આજે એક મહિલાને કોરોના પોઝીટીવ જણાતાં જ ગામમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો પાંચમો પોઝીટીવ કેસ નોંધાયો છે.

આ પહેલાં ખોરજમાંથી બે, પેથાપુરમાંથી એક તેમજ રાંચરડામાંથી એક કેસ નોંધાયો છે. રાંચરડામાં છ વર્ષના બાળકને કોરોના પોઝીટીવ આવ્યો છે તેની હિસ્ટ્રી હજુ સુધી જાણવા મળી નથી પરંતુ તંત્રએ તેને લોકલ ટ્રાન્સમિશનથી જ આ કેસ થયો હોવાનું સ્વીકાર્યું છે.

ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા પાંચ કેસમાંથી બે દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે જ્યારે ત્રણ દર્દી હજુ સારવાર હેઠળ છે જે ત્રણેય દર્દી અમદાવાદમાં સારવાર હેઠળ છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા પાંચે કેસ લોકલ ટ્રાન્સમિશનની હિસ્ટ્રી ધરાવે છે. જિલ્લામાં આમ તો અત્યાર સુધીમાં ૧૬ કેસ નોંધાયા છે. જે પૈકી બે દર્દી વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે બાકીના તમામ દર્દી લોકલ ટ્રાન્સમિશનની હિસ્ટ્રી ધરાવે છે.

# કોલવડાની મહિલાને કોરોના પોઝીટીવ

**વધુ એક પોઝિટિવ આવતાં જ જિલ્લા આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ : મહિલા કેન્સરની ગંભીર બિમારીથી પણ પિડીત હોવાની વાત**

**ગામને નાકાબંધી કરી કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવ્યુ : ૧૬ ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામમાંથી આજે એક મહિલાને કોરોના પોઝીટીવ હોવાનુ બહાર આવતાં જ જિલ્લાનું આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે.

કોલવડા ગામને ચારે બાજુથી નાકાબંધી કરી અને લોકડાઉન કરવામાં આવ્યુ છે. આરોગ્યતંત્રની ૧૬ જેટલી ટીમો દ્વારા અહિ સઘન સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યુ છે.

તંત્ર દ્વારા આ મહિલા જ્યાં રહે છે તે વડવાળા વાસમાં તેના ઘરનું ફ્યુમિગેશન કરવામાં આવ્યુ છે તેમજ ગામમાં પણ દવાનો છંટકાવ કરી દેવામાં આવ્યો છે.

આ કેસ નોંધાયાની જાણ થતાં જ પ્રાંત અધિકારી ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી ધાંધલિયા તેમજ આરોગ્યની ટીમો ત્યાં પહોંચી ગઈ હતી અને તાબડતોબ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીએ પણ ગામની મુલાકાત લઈ અને લેવામાં આવેલા પગલાંઓની ચકાસણી કરી હતી.

કોલવડા ગામમાં આ મહિલાનો પરિવાર છેલ્લા એક-બે મહિનાથી જ વસવાટ માટે આવ્યો છે. આ મહિલા અને તેનો પરિવાર મૂળ ખેડા જિલ્લાના માતર તાલુકાનો રહેવાસી હોવાનું જાણવા મળેલ છે. કોલવડા રહેવા આવ્યા તે પૂર્વે પરિવાર વાવોલ ખાતે રહેતો હતો. પરિવારમાં ત્રણ જ સભ્યો છે. આ બહેન કેન્સરની ગંભીર બિમારીથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે.

એવી પણ વિગતો જાણવા મળી છે કે હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન ૮મી તારીખે આરોગ્ય કાર્યકરને સર્વેમાં આ બહેનને તાવ હોવાનું જણાતાં સિવિલમાં જઈ બતાવી આવવાની સલાહ પણ અપાઈ હતી.

આ પછી ૧૧મીએ બહેન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેન્સરની બિમારીને પગલે ફોલોઅપ માટે આવ્યા હતા. આ પછી તેઓને તાવ ના ઉતરતાં ચાંદખેડા નજીકની એક ખાનગી હોસ્પિટમાં ગયા હતા અને ત્યાંથી ૧૦૮ મારફતે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલાયા હતા. જ્યાં આજે તેમનો ટેસ્ટ કોરોના પોઝીટીવ જણાયો છે.









આ મહિલા સાથે હાલ તેનો દિકરો હોસ્પિટલમાં છે. તેમના પતિ એક ખાનગી સિક્યોરીટી સર્વિસમાં નોકરી કરે છે.

તંત્ર દ્વારા તેમના પતિ તેમજ તેમની સાથે નોકરી કરતા બે અન્ય લોકોને ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યા છે. ગાંધીનગર નજીકનું આ ગામ હોવાથી નજીકના સેકટરોમાં પણ સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. તંત્ર દ્વારા કોલવડાને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી અને સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

---

**● જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૪ દર્દીઓના ટેસ્ટ કરાયા**

ગાંધીનગર જિલ્લામાં કોરોનાને લઈ અત્યાર સુધીમાં ૨૬૪ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬ ટેસ્ટ પોઝીટીવ આવ્યા છે જ્યારે ૨૪૮ ટેસ્ટ નેગેટીવ આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં ૧૧ કેસ પોઝીટીવ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ પોઝીટીવ નોંધાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૩ દર્દી સારવાર હેઠળ છે જ્યારે અમદાવાદમાં જિલ્લાના ૩ દર્દી સારવાર હેઠળ છે.

**● પત્રકારો માટે આયુર્વેદના ઉકાળાની વિશેષ વ્યવસ્થા**

ગાંધીનગરમાં રોજેરોજ યોજાતી પત્રકાર પરિષદમાં કવરેજ કરવા માટે આવતા પત્રકારોના સ્વાસ્થ્યની બાબતને લઈ આયુષ શાખા દ્વારા ખાસ ઉકાળાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત પત્રકારોના પરિવારો માટે ઉકાળાના પાવડરના વિતરણ સાથે હોમીયોપેથીની દવાનું વિતરણ પણ કરવામાં આવ્યુ છે.

પત્રકાર પરિષદમાં જતા-પત્રકારો માટે સ્વર્ણિમ સંકુલના દરવાજા ઉપર તેમજ નર્મદા હોલમાં પણ ખાસ સેનેટાઈઝરની વ્યવસ્થા આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવી છે.

**● અમદાવાદથી આવતા વાહનોની નોંધણી કરવામાં આવશે**

ગાંધીનગર શહેરમાં હવે અમદાવાદથી આવતા વાહનોની નોંધણી કરવામાં આવશે અને તેમની શહેરમાંની અવરજવર પર પણ નજર રાખવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આ માટે શહેરના મુખ્ય માર્ગો પર પોલીસ પોઈંટ ઉભા કરવામાં આવ્યા છે ત્યાં વાહનના નંબરોની નોંધણી કરવામાં આવશે.

આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તીઓના વાહનની પણ નોંધણી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે કેટલા લોકો વાહન સાથે અપડાઉન કરે છે તેની પ્રાથમિક જાણકારી મેળવવા આ પ્રયોગાત્મક કાર્યવાહી હાલના તબક્કે હાથ ધરવામાં આવી છે.

બીજુ કે આ લોકો કન્ટેનમેન્ટ ઝોનમાંથી આવતા નથીને તેની પણ ચકાસણી કરવામાં આવશે.

આ બાબતે હાલ તો તંત્ર દ્વારા કંઈ કહેવામાં આવતુ નથી પરંતુ ગાંધીનગરમાં લોકડાઉનનો અસરકારક અમલ થાય તે માટે આવુ પગલુ લેવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

---

# ખાડીયા-જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને કોરોના પોઝિટિવ

**મંગળવાર બપોરે ઈમરાન ખેડાવાલા, મુખ્યમંત્રી - નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રીને ૩ ધારાસભ્યો સાથે મળ્યા હતા : પત્રકાર પરિષદમાં પણ હાજર રહ્યા હતા**



ગાંધીનગર, તા.૧૪

ખાડીયા - જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને કોરોના પોઝિટિવ જાહેર થતાં ભારે દોડધામ મચી હતી. ઈમરાન ખેડાવાલા આજે બપોરે મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાને મળવા અમદાવાદના ધારાસભ્યો શૈલેષ પરમાર અને ગ્યાસુદ્દીન શેખ સાથે આવ્યા હતા. ત્રણેય ધારાસભ્યોએ મુખ્યમંત્રીના નિવાસસ્થાને અમદાવાદની સ્થિતિ અંગે ચર્ચા - વિચારણા કરી હતી.

તબીબી નિષ્ણાંતોનું માનવું છે કે, જો ઈમરાન ખેડાવાલાએ માસ્ક પહેર્યું નહિ હોય અને મિટીંગ ૧૫ મિનિટથી વધારે ચાલી હશે તો મિટીંગમાં હાજર તમામને સેલ્ફ કવોરોન્ટાઈન થવું પડશે. ઉપરાંત કોન્ટેકટમાં આવ્યાના પાંચમાં દિવસથી ૧૪માં દિવસની વચ્ચે ટેસ્ટ કરાવવો જોઈએ. આ સમાચારથી રાજ્યના રાજકારણ અને વહીવટી તંત્રમાં ભારે ચિંતાની લાગણી સર્જાઈ છે.

# હવે ગાંધીનગરમાં પણ માસ્ક ફરજીયાત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં પણ હવે માસ્ક ફરજીયાત કરવામાં આવશે. આજે કાઉન્સીલરો સાથેની બેઠક બાદ સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યના ચાર શહેરોમાં માસ્ક ફરજીયાત કરવામાં આવેલ છે હવે ગાંધીનગર શહેરમાં પણ માસ્ક ફરજીયાત કરવામાં આવશે. આ નહિ પહેરનાર સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

ચાવડાએ કહ્યુ હતુ કે આજની બેઠકમાં કાઉન્સીલરો ઉપરાંત કમિશ્નરશ્રી પણ હાજર હતા અને બેઠકમાં સોશિયલ ડિસ્ટન્સનુ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ.

કમિશ્નરશ્રી દ્વારા આ અંગે એકાદ દિવસમાં સત્તાવાર જાહેરનામા સાથે વિગતો સાથે જાહેર કરી દેવામાં આવશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

## કાઈન્સીલરોની ગ્રાન્ટમાંથી રાશન કીટના વિતરણની મંજૂરી આપો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરોએ આજે કમિશ્નરશ્રીને એક પત્ર લખી કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને રાશનની કીટ આપવાની મંજૂરી આપવી જોઈએ.

આજે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાના નેતૃત્વમાં કોંગ્રેસના કાઉન્સીલરો ચિમનભાઈ વિંઝુડા, અંકિત બારોટ, રાકેશ પટેલ, રોશનબેન પરમાર, રમીલાબેન વાઘેલાએ સંયુક્ત પત્ર કમિશ્નરશ્રીને પાઠવ્યો છે. આ પત્રમાં તેમણે જણાવ્યુ છે કે જરૂરિયાતમંદ પરિવારોને અમારી ગ્રાન્ટમાંથી અનાજની કીટ તૈયાર કરી ઘરે ઘરે પહોંચાડવાની મંજૂરી આપવામાં આવે. કોંગ્રેસ પક્ષની આ પહેલ છે અને સકારાત્મક અભિગમ સાથે મધ્યમ અને જરૂરિયાતમંદ પરિવારોની પડખે રહેવાની નેમ સાથે અમે આ રજુઆત કરી રહ્યા છીએ.

## શહેરના સાત સેક્ટરોમાં ઘઉંનો જથ્થો તાત્કાલિક બદલી આપવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને વિતરીત કરાઈ રહેલ ઘઉંની ગુણવત્તાને લઈ આજે તંત્ર હરકતમાં આવ્યુ હતુ.

તંત્રને પણ ઘઉંની ગુણવત્તા હલકી જણાતાં શહેરના સાત જેટલા સેક્ટરોના ૯૮૯ ક્વીન્ટલ ઘઉંનો જથ્થો તાત્કાલિક અસરથી બદલી આપવા ગાંધીનગર મામલતદારે જિલ્લા પુરવઠા અધિકારી અને પ્રાંત અધિકારીને પત્ર લખી જાણ કરી છે.

મળતી વિગતો પ્રમાણે સેક્ટર-૬, ૫, ૨, ૩, ૪, ૭ અને ૮ની દુકાનો પરનો જથ્થો બદલી આપવા જણાવાયુ છે. શહેરમાં કુલ ૯૧૧ ક્વીન્ટલ જેટલો જથ્થો આ સેક્ટરોમાં ફાળવવામાં આવેલો હતો.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પુરવઠાતંત્રએ પણ આ હકીકતને ગંભીરતાથી લઈ અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલથી એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને આ કીટનું વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આમાંય ઘઉંની ગુણવત્તાની સાથે સાથે ચણાની દાળની ગુણવત્તા નિમ્ન સ્તરની હોવાની રજુઆત કોંગ્રેસના કાઉન્સીલર રાકેશ પટેલ સહિત વિવિધ આગેવાનોએ કરી હતી જે નોંધનીય છે.

**ઘરમાં રહો.. સુરક્ષિત રહો.. તંદુરસ્ત રહો..**

# લોકડાઉનમાં નાની મોટી બિમારીઓથી નાગરિકો દુર : તંદુરસ્ત ગાંધીનગર

**આડા દિવસોમાં દર્દીઓથી ઉભરાતી ખાનગી હોસ્પિટલોમાં પણ સુનકાર : સેકટરના દવાખાનાઓ બંધ : નગરજનોને નાની મોટી બિમારી સતાવતી નથી ..!!**

ગાંધીનગર તા ૧૪

ઘરમાં રહો.. સુરક્ષિત રહો.. તંદુરસ્ત રહો... !! શહેરમાં છેલ્લા ૨૧ દિવસથી લોકડાઉન છે. શહેરના શોપિંગ બજારો, હોટલ રેસ્ટોરન્ટ સહીતની તમામ દુકાનો બંધ છે. નાગરિકો પણ ઘરમાં પુરાયેલા છે. જયારે સેકટરોમાં સ્થિત ખાનગી દવાખાનાઓને પણ તાળા વાગેલા છે. આડા દિવસોમાં દર્દીઓથી ઉભરાતા આ દવાખાનાઓ અને હોસ્પિટલોમાં પણ સન્નાટો છવાયેલો છે. નાગરિકો જાણે બિમાર પડતા જ નથી તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. બહારની ખાણી પીણી, જંક ફુડ અને પ્રુદષણમુક્ત વાતાવરણમાં તાજગી અનુભવતા નાગરિકોને હવે અન્ય નાની મોટી બિમારીઓ પણ સતાવતી નથી..!! આરોગ્યના મામલે જાગૃત આમ નાગરિકોએ સ્વસ્થ મનોબળ કેળવી લીધુ છે.

ગાંધીનગર સ્વચ્છ, સુંદર અને હરિયાળા શહેરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે છેલ્લા ૨૧ દિવસથી સન્નાટો છે. આડા દિવસોમાં અનેકવિધ સરકારી કચેરીઓ તેમજ શોપિંગ બજાર વચ્ચે ધમધમતા નગરમાં અનોખુ જીવંત વાતાવરણ જોવા મળે છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સિવિલ હોસ્પિટલ સહીત સેકટરોમાં ખાનગી દવાખાનાઓ પણ ધમધમતા હોય છે. સેકટરોમાં સ્થિત દરેક ખાનગી દવાખાનાઓમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.**
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪॥, સેક્ટર-૧૬, ગાંધીનગર

**મતદાર યાદીની પ્રસિદ્ધિ બાબત.**

આથી બેંકના સભાસદશ્રીઓને જાણ કરવાની કે, હવે પછીના નિયમોનુસારના ચૂંટણી કાર્યક્રમ માટે બેંકના પેટા કાયદા મુજબ તા. ૩૧/૩/૨૦૧૯ના આખરે બેંકના ચોપડે રહેલ સભાસદો કે જેઓ આગામી ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવે છે તેઓની આખરી યાદી બેંકની હેડ ઓફીસ ખાતે રાખવામાં આવેલ છે. આથી જે સભાસદોને પોતાનું નામ, સરનામું વિગેરે વિગતોની ચકાસણી કરવી હોય તે બેંકના કામકાજના સમય દરમિયાન રૂબરૂમાં આવીને કરી શકશે.

વર્તમાન સમયે COVID-19ના કારણે સરકારશ્રીએ લોક ડાઉન જાહેર કરેલ હોવાથી લોકડાઉનનો સમય પૂર્ણ થયેથી ૧૫ દિવસમાં બેંકમાં રૂબરૂ આવીને સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન ચકાસણી કરી શકશે જેની નોંધ લેવી.

તા. ૧૩/૪/૨૦૨૦ મેનેજીંગ ડિરેક્ટર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com